## સંક્ષિપ્ત સમાચાર

### જંબુસરમાં ગૌવંશ કતલના ગુનામાં 2 આરોપીનાં ચાર દિવસનાં રિમાન્ડ



ભરૂચ: જંબુસરના પાંચહાટડી વિસ્તારમાંથી ગૌવંશના ગેરકાયદે કતલનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પોલીસે એક ઘર પર દરોડો પાડી 135 કિલો જેટલું ગૌમાંસ જપ્ત કર્યું હતું, જેના ફોરેન્સિક અહેવાલમાં માંસ ગૌવંશનું હોવાનો સ્વીકાર થયો છે. આ મામલે પોલીસે બે આરોપી મહમંદ સફી અને મહમંદ હનીફ ઇસ્માઇલ કુરેશીને કોર્ટમાં રજૂ કરી ચાર દિવસનાં રિમાન્ડ મેળવ્યાં છે.

### તાતીથૈયામાં માનસિક અસ્વસ્થ યુવકે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધું

પલસાણા: તાતીથૈયાના પારેખ સ્ટેટમાં રહેતા અને મૂળ મધ્યપ્રદેશના ડિંડોરીના 32 વર્ષીય ભારત સુખલાલ માર્કોએ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતા ચકચાર મચી છે. ગત 10 માર્ચે માનસિક સંતુલન ગુમાવ્યા બાદ, યુવકે 12 માર્ચના રોજ શેખ મંજીલ બિલ્ડિંગના ખાલી રૂમમાં ફાંસો ખાઇ લીધો હતો. કડોદરા GIDC પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરના ગડખોલ નજીક ચાર વાહન વચ્ચે અકસ્માત, એક ઘાયલ

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ ગામની સિદ્ધેશ્વરી સોસાયટી સામે ચાર વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતી એક કારના ચાલકે અન્ય એક કાર અને બે મોપેડને અડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક મોપેડ ચાલકને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બનતા આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે અન્ય એક મોપેડ ચાલકનો સદભાગ્યે બચાવ થયો હતો. અકસ્માતમાં બંને કારને પણ નુકસાન પહોંચ્યું હતું.

### માંડવીના ગોદાવાડીના સભાસદનું અકસ્માતમાં મોત થતાં પરિવારને સહાય

કામરેજ: નવી પારડીની કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી દ્વારા સુગર ફેક્ટરીના સભાસદ એવા માંડવીના ગોદાવાડી ગામના સીતારામભાઈ લલ્લુભાઈ પટેલનું અકસ્માતને કારણે અવસાન થતાં ફેક્ટરીની સભાસદ વીમા યોજના હેઠળ રૂ.3 લાખની વીમા રકમનો ચેક તેમના પત્ની ગં.સ્વ.હંસાબેન સીતારામ પટેલને સંસ્થાના પ્રમુખ અશ્વિનભાઈ.બી.પટેલના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. સ્વ.સીતારામભાઈને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

### પલસાણામાં માલિકનું ટેન્કર મૂકી ડ્રાઈવર ટાયર અને ડીઝલ ચોરી રફુચક્કર

પલસાણા: લુધિયાણા, પંજાબના રહેવાસી અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા જસવંતસીંગ મલકીતસીંગ જટસીખે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમની કંપનીના ટાટા ટેન્કર નં.(PB-10-JA-3525) પર છેલ્લા એક મહિનાથી પંકજ છોટેલાલ દુબે (રહે.,ઉત્તરપ્રદેશ) ડ્રાઈવર તરીકે કામ કરતો હતો. ગત તારીખ 8 માર્ચના રોજ ડ્રાઈવર વાપીની એક કંપનીમાંથી કેમિકલ ભરી હિમાચલ પ્રદેશ જવા નીકળ્યો હતો. તા.9 માર્ચે ટેન્કર માલિકે જીપીએસ લોકેશન ચેક કરતા ટેન્કર બલેશ્વર ગામ પાસે મહાદેવ હોટેલના પાર્કિંગમાં સ્થિર હોવાનું જણાયું હતું. ડ્રાઈવરનો સંપર્ક ન થતાં તપાસ કરાવતા જાણવા મળ્યું કે, ટેન્કર ત્યાં બિનવારસી હાલતમાં પડેલું હતું. ડ્રાઈવરે હોટેલના પાર્કિંગમાં ટેન્કર પાર્ક કરતા પહેલાં જ ટેન્કરમાંથી પાછળનાં 4 ટાયર, એક્સલનું 1 ટાયર અને 1 સ્પેર વ્હીલ મળી કુલ 6 ટાયર કિં.રૂ.1,20,000 તેમજ અંદાજે 200 લીટર ડીઝલ કિં.રૂ.18,000ની ચોરી કરી હતી. કુલ રૂ.1.38 લાખના મુદ્દામાલની ચોરી કરી ડ્રાઈવર ટેન્કરની ચાવી અંદર જ મૂકીને ફરાર થઈ ગયો હતો.

### કામરેજના પરબ ગામે લગ્નપ્રસંગમાં જૂની અદાવતે યુવક પર ચપ્પુ વડે હુમલો

કામરેજ: કામરેજના પરબ ગામના રાજીવનગર ફળિયામાં રહેતા રાજુ પેમાભાઈ રાઠોડનો પુત્ર મિતુલ (ઉં.વ.૧૮) ગત ગુરુવારે ૨૦ ગાળા ફળિયામાં યોજાયેલા એક લગ્ન પ્રસંગમાં તેના મિત્ર આનંદ રાઠોડની ડી.જે. સાઉન્ડ સિસ્ટમ લઈને ગયો હતો. રાત્રિના આશરે ૨ વાગ્યાના સુમારે જ્યારે રાસ-ગરબા ચાલી રહ્યા હતા, ત્યારે ગામના જ રાહુલ રાકેશ રાઠોડ, વિશાલ સંજય રાઠોડ, ભાવેશ મહેશ રાઠોડ અને ગણેશ સુકકર રાઠોડે ત્યાં આવી હંગામો મચાવ્યો હતો. એક વર્ષ અગાઉ લગ્ન પ્રસંગમાં થયેલી લડાઈની અદાવત રાખીને આ શખ્સોએ મિતુલ અને તેના મિત્ર આનંદ પાસે પહોંચી 'તું કેમ કાયમ અમારી સાથે માથાકૂટ કરે છે?' તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. જોતજોતામાં મામલો બિચકતાં રાહુલ અને વિશાલે ચપ્પુ વડે મિતુલ પર હુમલો કરી દીધો હતો. મિતુલને ગરદનના પાછળના ભાગે, પીઠ અને ડાબા હાથે ચપ્પુના ઘા મારી દેતા તે લોહીલુહાણ થઈ ઢળી પડ્યો હતો. મિત્રને બચાવવા વચ્ચે પડેલા આકાશ રાઠોડને પણ મહેશ અને ગણેશ રાઠોડે માર માર્યો હતો. લગ્ન પ્રસંગમાં અચાનક થયેલા હુમલાને પગલે લોકોનું ટોળું એકઠું થઈ જતાં હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત મિતુલને તાત્કાલિક સારવાર માટે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

### મહારાષ્ટ્રનું બાળક પરિવારથી વિખૂટું થયું, પોલીસે મેળાપ કરાવ્યો

કુકરમુંડા: નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારના વેલદા ટાંકી પાસે આશરે ૯ વર્ષનું એક બાળક બે-ત્રણ કલાકથી એકલું બેઠેલું જોવા મળ્યું હતું. ફરજ પર રહેલા GRD જવાનોએ પૂછપરછ કરતાં બાળકનું નામ અક્ષયભાઈ રાજ્યાભાઈ પાવરા (રહે.,સાધવી, તા.શિરપુર, જિ.ધુલે, મહારાષ્ટ્ર) હોવાનું જાણવા મળ્યું હતું. બાળક દેવમોગરા તરફ પોતાના ગામના લોકો સાથે ફરવા આવ્યું હતું. પરંતુ ત્યાંથી પરિવારથી વિખૂટું પડી જતાં વેલદા ટાંકી સુધી આવી પહોંચ્યું હતું. નિઝર પોલીસે તાત્કાલિક બાળકનાં માતા-પિતાનો સંપર્ક કરી તેને સુરક્ષિત રીતે પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

### વાલોડમાં પરિવારથી વિખૂટા પડેલા અસ્થિર મગજના પુરુષનું પરિવાર સાથે મિલન

વાલોડ: વાલોડના ડોડિયા ફળિયામાં એક અસ્થિર મગજનો પુરુષ ભટકી રહ્યો હોવાનું જણાતાં ૧૨ માર્ચે રાત્રે સાવનભાઈ પરમારે પોલીસને જાણ કરી હતી. આથી હેડ કોન્સ્ટેબલ અશ્વિનભાઈ અને કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહે સી-ટીમ સાથે સ્થળ પર પહોંચી પુરુષને સુરક્ષિત રીતે પોલીસ સ્ટેશન લાવ્યા હતા. વ્યક્તિ વારંવાર નામ-સરનામું બદલતો હોવાથી પોલીસે સરપંચોના વોટ્સએપ ગ્રુપમાં ફોટો મોકલી ઓળખના પ્રયાસો તેજ કર્યા હતા. દરમિયાન, વ્યારાના ભાનાવાડીના સરપંચે તેની ઓળખ મહેન્દ્રભાઈ કાલિયાભાઈ ગામીત તરીકે કરી હતી. જે બાદ, ૧૩ માર્ચના રોજ પોલીસે તેમના સંબંધી વિનેશભાઈ ગામીતનો સંપર્ક કરી મહેન્દ્રભાઈને સુરક્ષિત રીતે પરિવારને સોંપી માનવતા મહેકાવી હતી.

# અરેઠના ઝરપણ ગામે ટોલ પ્લાઝા શરૂ કરવાની હિલચાલ સામે વિરોધ

**ટોલ** લાગુ થતાં લોકો પર આર્થિક ભાર પડશે

માંડવી: માંડવી-કીમ રોડ પર રાજ્ય સરકાર દ્વારા કરોડોના ખર્ચે ફોર લેન રોડ બનાવવામાં આવ્યા છે. ઝરપણ અને કરંજ ગામે ટોલ નાકા પ્લાઝા મુકાયા છે, જેના પગલે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. શુક્રવારે ઝરપણ ગામે આશાપુર ટ્રાન્સપોર્ટ એજન્સી દ્વારા ટોલ પ્લાઝા શરૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, ત્યારે ગ્રામજનોએ વિરોધ દર્શાવ્યો હતો.



હિતેશ પટેલ

સ્થાનિકોનું કહેવું છે કે આ માર્ગ રોજિંદા અવરજવરના માટે મહત્ત્વપૂર્ણ છે અને ટોલ લાગુ થતાં લોકો પર આર્થિક ભાર પડશે.

ઉગ્ર વિરોધ અને આંદોલન વધવાની સંભાવનાને લઈને પોલીસ તંત્ર તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પીઆઈ સી.બી. ચૌહાણ સહિતના પોલીસ કાફલાએ ગ્રામજનો અને ટોલ એજન્સી વચ્ચે શાંતિપૂર્ણ વાતચીત કરાવી અને ઘટનાને કાબૂમાં રાખવાનો પ્રયાસ કર્યો હતો.

સ્થાનિકોએ તંત્ર સમક્ષ ટોલ પ્લાઝા અંગે પુનર્વિચાર કરવાની અને ગામલોકોને રાહત આપવાની માંગ કરી હતી. ગ્રામ આગેવાનોનું કહેવું છે કે જો તેમની માંગ માન્ય નહીં રખાય તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન થવાની શક્યતા છે.

### અવાદર પાસે ડમ્પરની ટક્કરે બાઈક ચાલકનું મોત

અંકલેશ્વર: અવાદર ગામ નજીક ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક ચાલકનું મોત નીપજ્યું હતું.

અંકલેશ્વર તાલુકાના સેંગપુર ગામના રહીશ વિજય શંભુ વસાવા પોતાની બાઈક લઈને સેંગપુર તરફ ઘરે આવી રહ્યા હતા. દરમિયાન અવાદર ગામ નજીક પૂરઝડપે આવતા એક ડમ્પરના ચાલકે તેમની બાઈકને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં વિજય વસાવાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ સ્થાનિક લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જો કે, ડમ્પરનો ચાલક અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં રૂરલ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# આમલેથામાં સિક્સ લેન કોરિડોર સામે ગ્રામજનોનો પ્રચંડ વિરોધ

**એક** ઈંચ જમીન પણ નહીં આપીએ: ગ્રામજનોનો લલકાર

રાજપીપળા: નાંદોદ તાલુકાના આમલેથા ગામ ખાતે સિક્સ લેન કોરિડોરના નિર્માણ મુદ્દે આયોજિત ગ્રામસભામાં ખેડૂતો અને મકાન માલિકોનો ભારે રોષ જોવા મળ્યો હતો. છેલ્લા કેટલાક સમયમાં આ મુદ્દે ૪થી ૫ વખત ગ્રામસભા યોજાઈ ચૂકી છે, પરંતુ ગ્રામજનો પોતાની જમીન આપવા તૈયાર નથી. સ્થાનિકોનો આક્ષેપ છે કે વર્ષો પહેલા જ્યારે સિંગલ પટ્ટીમાંથી ફોર લેન રસ્તો બન્યો ત્યારે અનેક ખાતેદારોની જમીન સંપાદિત થઈ હતી, જેનું વળતર આજદિન સુધી ચૂકવવામાં આવ્યું નથી. વળતર વગર જ હવે સિક્સ લેન કોરિડોરની દરખાસ્ત આવતા લોકોમાં ભારે આક્રોશ છે. કલેક્ટર, પ્રાંત અધિકારી અને મામલતદાર સહિતના વિભાગો



દીપલ સોની

દ્વારા ગામેગામ સભાઓ કરવામાં આવી રહી છે. જો કે, ગ્રામજનોનો ગંભીર આક્ષેપ છે કે ભાજપ સાથે સંકળાયેલા સરપંચોએ ખેડૂતોને વિશ્વાસમાં લીધા વગર જ ઠરાવો મંજૂર કરી દીધા છે. ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું કે તેઓ વિકાસના વિરોધી નથી, પરંતુ વિકાસના નામે રહેણાક ઘરો અને ખેતીની જમીનનું ગેરકાયદે સંપાદન સાંખી લેવામાં આવશે નહીં.

નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજનભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, અધિકારીઓ અને તલાટીઓ વારંવાર ગ્રામસભા ભરીને લોકો પર દબાણ લાવી રહ્યા છે. અગાઉની તમામ સભાઓમાં અમે ઠરાવો નામંજૂર કર્યા છે. જનતા હવે જાગૃત થઈ છે અને આવનારા દિવસોમાં અમે અમારા વિસ્તારની એક ઈંચ જમીન પણ આપવા માંગતા નથી. વારંવારના વિરોધ છતાં તંત્ર દ્વારા કરવામાં આવતી ગ્રામસભાઓને પગલે પંથકમાં ભારે તંગદિલી જોવા મળી રહી છે.

# મહુવામાં મજૂરીના રસ્તે ફંટાયેલા બે આદિવાસી છાત્ર ફરી કલમ પકડશે

**રૂ.4000** ખર્ચ્યા છતાં જે કામ ન થયું, તે સામાજિક ભલામણથી થઈ ગયું

**સમિતિની** ભલામણથી ચાર વર્ષ પછી જાતિનો દાખલો મળ્યો

**ગરીબ** પરિવારજનોમાં ખુશીનો માહોલ

અનાવલ: મહુવાના કરચેલીયા ગામના હટવાળા ફળિયામાં રહેતા હળપતિ સમાજના બે ભાઈઓ વિરલ રવિન્દ્ર હળપતિ અને અંકિત રવિન્દ્ર હળપતિ છેલ્લાં ચાર વર્ષથી જાતિના દાખલા માટે પ્રયાસ કરી રહ્યા હતા. વર્ષ-2022થી બંને ભાઈઓ સતત દોડધામ કરતા હોવા છતાં યોગ્ય માર્ગદર્શન કે મદદ ન મળતાં તેઓ નિરાશ થયા હતા.

કહેવાય છે કે, જાતિના દાખલા માટે બંને યુવક પાસેથી ફી પેટે આશરે 4000 રૂપિયા પણ લેવામાં આવ્યા હતા, છતાં દાખલો મળ્યો નહોતો. વિરલ હળપતિએ બાદમાં ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કાછલમાં એફ.વાય.બી.એ.માં પ્રવેશ લીધો હતો. પરંતુ કોલેજના આચાર્ય દ્વારા જાતિનો દાખલો રજૂ કરવા કહેતા જરૂરી દાખલો ન હોવાથી તેમને અભ્યાસ છોડવો પડ્યો અને બંને ભાઈઓ મજૂરીકામ કરવા મજબૂર બન્યા હતા.

સમય જતા મિત્રોના માર્ગદર્શનથી વિરલ હળપતિએ વિજયભાઈનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ 7 જાન્યુઆરી-2026ના રોજ પ્રકાશભાઈ મહેતા અને અન્ય આગેવાનોના માર્ગદર્શનથી હળપતિ સમાજના મંત્રી કુંવરજીભાઈ હળપતિ સુધી વાત પહોંચાડવામાં આવી હતી. કેટલાક આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત ન રહે તે માટે બનાવાયેલા નિયમો અનુસાર ગામ સ્તરે રચાયેલી સમિતિ દ્વારા બંને યુવકોના કેસની ભલામણ કરવામાં આવી હતી.

આ પ્રક્રિયા બાદ બંને યુવકોને અંતે જાતિના દાખલા મળી ગયા છે. દાખલા મળતા વિરલ અને અંકિત હળપતિ સહિત તેમના પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

સ્થાનિક આગેવાનોનું કહેવું છે કે ગરીબ અને આદિવાસી સમાજના ઘણા વિદ્યાર્થીઓને જરૂરી પુરાવા ના મળતાં જાતિના દાખલા મેળવવામાં મુશ્કેલી પડે છે, જેના કારણે તેઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. આવા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને સમિતિની ભલામણ દ્વારા મદદ મળે તો તેમના ભવિષ્ય માટે તે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે.

### સુરતના ૧.૨૦ લાખ ખેડૂતોના ખાતામાં ૨૩ કરોડની સહાય જમા

સુરત: ખેડૂતોને આર્થિક સહારો આપવા માટે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સુરત જિલ્લાના આશરે ૧.૨૦ લાખ ખેડૂતોના ખાતામાં કુલ ૨૩ કરોડ રૂપિયાની સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા જમા કરવામાં આવી છે. આ સહાય યોજના અંતર્ગત ૨૨મા હપ્તા તરીકે ખેડૂતોને આપવામાં આવી છે. આ અવસરે ચોર્યાસી તાલુકા કક્ષાનો મિલેટ્સ કૃષિ મેળો અને "પી.એમ. કિસાન ઉત્સવ દિવસ" કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), પનાસ ગામ ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને ઉજવાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહી યોજનાનો લાભ અને કૃષિ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. ઓલપાડ-ચોર્યાસી વેચાણ સંઘના પ્રમુખ જયેશભાઈએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના ખેડૂતોને આત્મસન્માન અને આર્થિક મજબૂતી આપતી યોજના છે.

# ભરૂચ જિલ્લા કોર્ટને બોમ્બ વડે ઉડાવવાની ધમકી: ઈ-મેલ મળ્યો

**મુખ્યમંત્રીના** ભરૂચ આગમનના આગલા દિવસે કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીથી પોલીસ એક્શનમાં

ભરૂચ: ભરૂચ જિલ્લા કોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળી છે. અજાણ્યા શખ્સ દ્વારા ઈ-મેલ મારફતે આ ધમકી આપવામાં આવતાં પોલીસ અને વહીવટી તંત્રમાં હડકંપ મચી ગયો હતો. સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક કોર્ટ પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું અને સુરક્ષા દળો દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

ધમકીની માહિતી મળતાની સાથે જ પોલીસ વિભાગ સક્રિય બન્યો હતો. બોમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ દળને તાત્કાલિક ઘટના સ્થળે બોલાવવામાં આવ્યા હતા. સમગ્ર કોર્ટ પરિસરમાં કોઈપણ વિસ્ફોટક સામગ્રીની શોધ માટે વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

કોર્ટમાં હાજર વકીલો, કર્મચારીઓ અને અન્ય લોકોને



સુરક્ષાના કારણોસર તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. કોર્ટ પરિસરની આસપાસ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ ગત તા-6ઠ્ઠી જાન્યુઆરીનાં રોજ LLTE નામના સંગઠન દ્વારા આપવામાં ભરૂચ કોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી હતી. શનિવારે રાજ્યના મુખ્યમંત્રી ભરૂચ ખાતે કાર્યક્રમમાં આવવાના હોવાથી પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું છે અને સુરક્ષા વધારી દેવામાં આવી છે. પોલીસે ધમકીભર્યા ઈ-મેલ અંગે તપાસ શરૂ કરી છે અને તે મોકલનાર વ્યક્તિ કે સંગઠનને શોધી કાઢવા માટે ટેકનિકલ પાસાંની પણ તપાસ કરવામાં આવી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગના ચાસવડ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો



ભરૂચ: વિશ્વ મહિલા દિવસના અવસર પર અદાણી ફાઉન્ડેશન-દહેજ દ્વારા નેત્રંગના ચાસવડ ખાતે આવેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આદિવાસી મહિલા ખેડૂતોની સહકારી સંસ્થા 'આદિ સમૃદ્ધિ પ્રોડ્યુસર કંપની'નું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અદાણી દહેજ પોર્ટના સીઓઓ કેપ્ટન ધરમ પ્રકાશની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં અંદાજે 150 જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કેપ્ટન ધરમ પ્રકાશ, નાબાર્ડના ડીડીએમ સુજા સીબુ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો.લલિત પાટીલ, તાલુકા વિકાસ અધિકારી યોગેશ પવારે મહિલાલક્ષી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. હાલમાં આ કંપનીમાં 10 બોર્ડ સભ્યો છે અને આગામી સમયમાં 500 મહિલા ખેડૂતોને તેના શેરહોલ્ડર તરીકે સામેલ કરવાનું આયોજન છે.

### નેત્રંગમાં આદિવાસી ગૌરવ સંમેલન

ભરૂચ, નેત્રંગ: ભરૂચ જિલ્લાના નેત્રંગ ખાતે શુક્રવારે આદિવાસી ગૌરવ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રી નરેશ પટેલ, સાંસદ મનસુખ



પ્રદીપ ગુર્જર

વસાવા અને ધારાસભ્ય રિતેશ વસાવા સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી આદિવાસી સમાજના ગૌરવને ઉજાગર કર્યું હતું. સંમેલન પૂર્વે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નેત્રંગમાં ભવ્ય રોડ-શો કર્યો હતો. આ રોડ-શોમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઊમટી પડ્યા હતા. ટોળાંએ 'મોદી મોદી' અને 'ભાજપ ભાજપ'ના નારા લગાવી વાતાવરણને ગૂંજતું કર્યું હતું.

### ઓલપાડમાં કેમિકલમાં રોકાણમાં નફાની લાલચ આપી ઠગાઈ

સાયણ: સુરતના ભેંસાણ રોડ પર ઓર્ચિડ ફેન્ટાસિયા એવન-૧૦૧માં રહેતા રીન્કુભાઈ શર્મા સાથે 22.09 લાખની છેતરપિંડી થઈ હતી. ઓલપાડની સાઈનાઈડ કંપનીમાં મશીન ઓપરેટર તરીકે ફરજ બજાવતા ગિરવરસિંઘ શેખાવત અને તેના પુત્ર વિષ્ણુસિંઘે રીન્કુભાઈના પિતા ગોપાલભાઈને એમોનિયા સલ્ફેટના વેપારમાં રોકાણ કરી મોટો નફો મેળવવાની લાલચ આપી હતી. શરૂઆતમાં 5 લાખ લીધા બાદ, ગોપાલભાઈના અવસાન પછી પણ લાલચ આપી આરોપીઓએ 2021થી 2024 દરમિયાન ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ 22,09,595 મેળવ્યા હતા. જ્યારે રીન્કુભાઈએ નફા અને મુદ્દલની માંગણી કરી, ત્યારે પિતા-પુત્રએ ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે રીન્કુભાઈએ 12 માર્ચના રોજ ઓલપાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### કઠોરથી ગુમ યુવાનનો મૃતદેહ મળ્યો

કામરેજ: કઠોર ગામે રહેતા મોહમ્મદ રફીક હાસીમ ઈનગારનો 30 વર્ષીય પુત્ર મોહમ્મદ હમજા ચાર દિવસ અગાઉ કોઈને કહ્યા વિના ઘરેથી નીકળી ગયો હતો, જે અંગે ઉત્રાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન, ગુરુવારે સવારે આંબોલીમાં તાપી નદીમાંથી એક અજાણ્યો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારજનોએ સ્થળ પર પહોંચી તપાસ કરતાં આ મૃતદેહ ગુમ થયેલા હમજાનો હોવાનું બહાર આવ્યું હતું. કામરેજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પલસાણાના ૭૬ વિદ્યાર્થીએ જ્ઞાનસભર શૈક્ષણિક પ્રવાસ માણ્યો



પલસાણા: પલસાણા તાલુકાનાં પાંચ મુખ્ય સી.આર. સી કેન્દ્રોની વિવિધ શાળાઓના અંદાજે ૭૬ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે એક યાદગાર શૈક્ષણિક પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સી.આર.સી મિત્રો અને ક્લસ્ટરના નિષ્ઠાવાન શિક્ષક મિત્રોના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓએ પ્રવાસની મજા માણી હતી, આ પ્રવાસમાં બાળકોને સુવિધાજનક 2 બસો દ્વારા વિશ્વની વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી', કુદરતી સૌંદર્ય અને વિવિધ પક્ષીઓ તથા પ્રાણીઓથી ભરપૂર 'જંગલ સફારી', ઇજનેરી કૌશલ્યના નમૂના સમાન 'સરદાર સરોવર ટનલ', 'ભૂલભૂલૈયા' સેવા સ્થળોની મુલાકાત લીધી હતી તથા સાથે પવિત્રતાનો અહેસાસ કરાવતા 'પોઇચા સ્વામિનારાયણ મંદિર' સફર કરાવવામાં આવી હતી.

### માંડવીને ફાયર વોટર બાઉઝર મળશે

માંડવી: માંડવી શહેરમાં અગ્નિસુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે Nuclear Power Corporation of India Limited (NPCIL) કાકરાપાર દ્વારા ૩.૨૬ કરોડનું CSR અનુદાન



હિતેશ પટેલ

ફાળવવામાં આવ્યું છે. આ અનુદાનથી માંડવી નગરપાલિકાના ફાયર વિભાગને આધુનિક સુવિધાઓ મળતાં શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન વધુ સશક્ત બનશે. NPCILના સહયોગથી ગત સપ્તાહે આશરે ૧.૫૬ કરોડના ખર્ચે નવા સુવિધાસજ્જ ફાયર સ્ટેશનના નિર્માણ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ટૂંકા ગાળામાં જ વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભરાતાં માંડવી નગરપાલિકા અને NPCIL વચ્ચે ૧.૭૦ કરોડના અત્યાધુનિક 'ફાયર વોટર બાઉઝર' (અગ્નિશામક વાહન) ઉપલબ્ધ કરાવવા માટે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો હતો. MoU હસ્તાક્ષર પ્રસંગે NPCIL-KAPSના CSR ચેરમેન એ.કે. સાહુ, મેમ્બર સેક્રેટરી અરવિંદ એલ. ભટ્ટ તેમજ પ્રોજેક્ટ કોઓર્ડિનેટર્સ એ.કે. મોહંતિ (ફાયર) અને સંજીવ (સિવિલ) ઉપસ્થિત રહ્યા હતા. માંડવી નગરપાલિકા તરફથી પ્રમુખ નિમેષ એચ. શાહ, ચીફ ઓફિસર પૂર્વી આર. પટેલ તથા સ્થાનિક કોર્પોરેટરો હાજર રહ્યા હતા.

### પંડવાઈ સુગરની પિલાણ સિઝનની પૂર્ણાહુતિ

અંકલેશ્વર: હાંસોટની પંડવાઈ સુગર ખાતે પિલાણ સિઝન ૨૦૨૫-૨૬ની પૂર્ણાહુતિ પ્રસંગે પૂજાવિધિ સંપન્ન કરી પિલાણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ સિઝનને સફળ બનાવવામાં પાયાનું યોગદાન આપનાર તમામ સભાસદો, ખેડૂતમિત્રો, શ્રમિકો, ટ્રાન્સપોર્ટરો તેમજ સંસ્થાના વાઈસ ચેરમેન અરવિંદભાઈ પટેલ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને કર્મચારીગણને અભિનંદન પાઠવાયાં હતાં.